Signature of Invigilators

1. ..................................

2. ..................................

# EDUCATION
## PAPER–III
## OCT–11/13

Roll No. ☐☐☐☐☐
(In figures as in Admit Card)

Roll. No. ..................................

..................................................
(in words)

Name of the Areas/Section (if any)..................

**Time Allowed : 2-1/2 hours]** **[Maximum Marks : 200**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. Write name of your Elective/Section if any.
3. Answer to short answer/essay type questions are to be written in the space provided below each question or after the questions in test booklet itself. No additional sheets are to be used.
4. Read instructions given inside carefully.
5. Last page is attached at the end of the test booklet for rough work.
6. If you write your name or put any special mark on any part of the test booklet which may disclose in any way your identity, you will render yourself liable to disqualification.
7. Use of calculator or any other Electronic Devices is prohibited.
8. There is no negative marking.
9. You should return the test booklet to the invigilator at the end of the examination and should not carry any paper outside the examination hall.
10. In case of any discrepancy in Gujarati and English version of Questions the English version should be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પૃષ્ઠના ઉપલા ભાગે આપેલી જગ્યામાં તમારી ક્રમાંક સંખ્યા (રોલ નંબર) લખો.
૨. તમે જે વિકલ્પનો ઉત્તર આપો તેનો સ્પષ્ટ નિર્દેશ કરો.
૩. ટૂંકનોંધ કે નિબંધ પ્રકારના પ્રશ્નોના ઉત્તર દરેક પ્રશ્નની નીચે આપેલી જગ્યામાં જ લખો. વધારાના કોઈ કાગળનો ઉપયોગ કરશો નહીં.
૪. અંદર આપેલી સૂચનાઓ ધ્યાનથી વાંચો.
૫. આ ઉત્તરપોથીમાં અંતે આપેલું પૃષ્ઠ કાચા કામ માટે છે.
૬. આ ઉત્તરપોથીમાં ક્યાંય પણ તમારી ઓળખ કરાવી દે એવી રીતે તમારું નામ કે કોઈ ચોકકસ નિશાની કરી હશે તો તમને આ પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.
૭. કેલકયુલેટર અથવા ઈલેકટ્રોનિકસ સાધનોનો ઉપયોગ કરવો નહીં.
૮. નકારાત્મક ગુણાંક પદ્ધતિ નથી.
૯. પ્રશ્નપત્ર લખાઈ રહે એટલે આ ઉત્તરપોથી તમારા નિરીક્ષકને આપી દેવી. પરીક્ષાખંડની બહાર કોઈ પણ પ્રશ્નપત્ર લઈ જવું નહીં.
૧૦. પ્રશ્નપત્રના પ્રશ્નોમાં ગુજરાતી અને અંગ્રેજી ભાષાંતરમાં કોઈ વિસંગતિ જોવા મળશે તો અંગ્રેજી અર્થને જ માન્ય ગણવામાં આવશે.

**FOR OFFICE USE ONLY**
**MARKS OBTAINED**

| Question Number | Marks Obtained | Question Number | Marks Obtained |
|---|---|---|---|
| 1. | | 11. | |
| 2. | | 12. | |
| 3. | | 13. | |
| 4. | | 14. | |
| 5. | | 15. | |
| 6. | | 16. | |
| 7. | | 17. | |
| 8. | | 18. | |
| 9. | | 19. | |
| 10. | | | |

Total Marks obtained ..................................

Signature of the co-ordinator ....................

(Evaluation)

SEAL

## EDUCATION — શિક્ષણ

## PAPER - III — પેપર - III

*Note* : This paper contains FOUR Sections. You are required to attempt all of them.

નોંધ : આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ છે. બધા જ પ્રશ્નો કરવાના છે.

---

### SECTION I (વિભાગ I)

*Note* : Answer both the questions (**Q. 1** & **Q. 2**) in **500** words each. 2×20=40

નોંધ : નીચેના પ્રશ્નોના જવાબ આપો. (પ્ર. ૧ અને પ્ર. ૨) દરેક પ્રશ્નનો જવાબ ૫૦૦ શબ્દોમાં આપો. (૨×૨૦=૪૦)

1. Manogna and Chintan are newly appointed teacher educators working in the same college of Education. Manogna feels that the B.Ed. curriculum lacks field relevance and so fails to prepare effective teachers. Chintan's view is that even the prescribed curriculum can be meaningfully transacted by an effective teacher educator. Both Manogna and Chintan argue about this point.
Present the arguments of both Manogna and Chintan in the form of a dialogue.
મનોજ્ઞા અને ચિંતન એક જ પ્રશિક્ષણ કોલેજમાં નવનિયુક્ત શિક્ષક-પ્રશિક્ષકો તરીકે કાર્ય કરી રહ્યાં છે. મનોજ્ઞા માને છે કે બી.એડ્.નો અભ્યાસક્રમ શિક્ષણના ક્ષેત્ર સાથે પ્રસ્તુત નથી, અને તેથી અસરકારક શિક્ષક તૈયાર કરવામાં નિષ્ફળ ગયો છે. ચિંતન માને છે કે છતાં પણ અસરકારક શિક્ષક-પ્રશિક્ષક સૂચિત અભ્યાસક્રમ અર્થપૂર્ણ રીતે અમલમાં મૂકી શકે છે. મનોજ્ઞા અને ચિંતન બંને આ મુદ્દા પર વિવાદ કરે છે.
મનોજ્ઞા અને ચિંતન બંનેની દલીલો સંવાદના સ્વરૂપમાં રજૂ કરો.

*Or* (અથવા)

1. What challenges and opportunities lie before us for universalizing secondary education in India ? Discuss.
ભારતમાં માધ્યમિક શિક્ષણનું સાર્વત્રીકરણ કરવામાં આપણી સમક્ષ કયા પડકારો અને તકો રહેલાં છે ? ચર્ચા કરો.

2. What are the major provisions of Right to Education Act, 2010 ? How will it affect the education scenario in India ?

શિક્ષણના અધિકારનો અધિનિયમ 2010 ની મુખ્ય જોગવાઈઓ શી છે ? ભારતના શિક્ષણ પરિદૃશ્યને તે કેવી રીતે અસર કરશે ?

*Or* (અથવા)

2. "Liberalization, Privatization and Globalization (LPG) in Indian higher education context is both a boon and a curse." Do you agree ? Put forth your arguments with examples.

''ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વીકરણ (LPG) એ બન્ને ભારતીય ઉચ્ચ શિક્ષણના સંદર્ભમાં અભિશાપ અને આશીર્વાદ રૂપ છે.'' આ સાથે તમે સંમત થાવ છો ? તમારી દલીલો ઉદાહરણસહ પ્રસ્તુત કરો.

## SECTION II (વિભાગ II)

*Note* : Choose any *one* elective from elective I to V and answer all the questions (Q. **3** to Q. **5**) of the same elective in **300** words each. (3×15=45)

**નોંધ :** ઈલેક્ટિવ **I** થી **V** માંથી એક ઈલેક્ટિવ પસંદ કરો અને તે જ ઈલેક્ટિવના બધા જ પ્રશ્નો (પ્ર. ૩ થી પ્ર.૫) ના દરેકનો જવાબ ૩૦૦ શબ્દોમાં લખો. (૩×૧૫=૪૫)

### Elective I (ઈલેક્ટિવ I)

3. A large majority of the educational institutions in India follow bureaucratic pattern of administration. Do you agree with this statement ? Justify your answer.

ભારતમાં મોટા ભાગની શૈક્ષણિક સંસ્થાઓ વહીવટની અમલદારશાહી તરેહનું અનુસરણ કરે છે. શું તમે આ વિધાન સાથે સહમત છો ? તમારા ઉત્તરનું સમર્થન કરો.

4. Analyse the tenth and eleventh 5-year educational plans in India with special reference to education.

શિક્ષણના વિશિષ્ટ સંદર્ભમાં ભારતની દસમી અને અગિયારમી પંચવાર્ષિક શૈક્ષણિક યોજનાનું પૃથક્કરણ કરો.

5. Suggest any *three* administrative measures in detail with appropriate examples to bring about organisational development.

સંસ્થાકીય વિકાસ કરવા માટે કોઈપણ ત્રણ વહીવટી પગલાં વિસ્તૃતપણે, ઉદાહરણ સહિત સૂચવો.

### Elective II (ઈલેક્ટિવ II)

3. Give a list of tools of measurement and evaluation. Classify them. Why does a researcher select a questionnaire ? Which points will you keep in mind while constructing it ?

માપન અને મૂલ્યાંકનનાં ઉપકરણોની યાદી આપો. તેનું વર્ગીકરણ કરો. એક સંશોધક શા માટે પ્રશ્નાવલીની પસંદગી કરે છે ? તેની સંરચના માટે તમે કયા મુદ્દાઓનો ખ્યાલ રાખશો ?

4. Suppose as a teacher you have to give 'Grade' instead of raw score, what procedure you will follow for the same ? Also write your arguments in the favour of grading system.

ધારો કે એક શિક્ષક તરીકે તમારે કાચા પ્રાપ્તાંકને બદલે 'ગ્રેડ' આપવાના છે, તમે તે માટે કઈ પદ્ધતિને અનુસરશો ? ગ્રેડિંગની તરફેણમાં તમારી દલીલો પણ લખો.

5. Give the information regarding Norm Reference Test and Criterion Reference Test with reference to the following points :

   (*i*) Meaning
   (*ii*) Characteristics and
   (*iii*) Basic difference between them.

નીચેના મુદ્દાઓ પર માનાંક–સંદર્ભ કસોટી અને મૂલક–સંદર્ભ કસોટી વિશે માહિતી આપો :

   (*i*) અર્થ
   (*ii*) લક્ષણો અને
   (*iii*) બન્ને વચ્ચેનો તફાવત

## Elective III (ઈલેક્ટિવ III)

3. What do you understand by multimedia approach ? Select a topic and explain what media will you use to teach it and why ?
બહુમાધ્યમ અભિગમનો અર્થ તમે શું કરો છો ? કોઈ પણ એક એકમ પસંદ કરો અને તેને શીખવવા માટે કયાં માધ્યમ તમે પસંદ કરશો અને શા માટે ?

4. What is meant by 'pre-active' and 'post-active' stages of teaching ? How would you guide your students for these stages ?
અધ્યાપનના 'પૂર્વ-ક્રિયાત્મક' અને 'અનુ-ક્રિયાત્મક' તબકકાઓનો અર્થ શો છે ? આ તબકકાઓ માટે તમે તમારા વિદ્યાર્થીઓને શું માર્ગદર્શન આપશો ?

5. What is "tutorial" ? Present a plan for conducting a tutorial on 'verbal and non-verbal classroom communication'.
ટ્યુટોરિયલનો અર્થ શો છે ? 'શાબ્દિક અને અશાબ્દિક વર્ગ પ્રત્યાયન' પર ટ્યુટોરિયલ સંચાલન માટેની એક યોજના રજૂ કરો.

## Elective IV (ઈલેક્ટિવ IV)

3. What are the different categories of mentally retarded children ? List the characteristics of each along with remedial programme for any *one* category.
માનસિક રીતે પછાત બાળકોની કક્ષાઓ કઈ કઈ છે ? આ પ્રત્યેક કક્ષાના બાળકોની લાક્ષણિકતાઓની યાદી કરો અને તેમાંની કોઈપણ એક કક્ષા માટે ઉપચારાત્મક કાર્યક્રમ વર્ણવો.

4. What are the different strategies for teaching gifted and creative children ? Suggest educational activities for any *one* such strategy.
પ્રતિભાશાળી અને સર્જનશીલ બાળકોના અધ્યાપન માટેની વિવિધ પ્રયુક્તિઓ કઈ કઈ છે ? આમાંની કોઈપણ એક પ્રયુક્તિ અંતર્ગત શૈક્ષણિક પ્રવૃત્તિઓ સૂચવો.

5. How do we identify children with hearing impairment in a regular classroom situation ? What are their characteristics ? Suggest educational programme for such children.
સામાન્ય વર્ગની પરિસ્થિતિમાં શ્રવણદોષવાળાં બાળકોને કઈ રીતે ઓળખી શકાય ? તેમની લાક્ષણિકતાઓ કઈ કઈ છે ? આવાં બાળકો માટે શૈક્ષણિક કાર્યક્રમ સૂચવો.

## Elective V (ઈલેક્ટિવ V)

3. Enumerate the characteristics of 'teaching as a profession'. Describe teacher-attributes in the context of those characteristics.
'અધ્યાપન એક વ્યવસાય' નાં લક્ષણો ગણાવો. આ લક્ષણોનાં સંદર્ભમાં શિક્ષકનાં વર્તન-લક્ષણો વર્ણવો.

4. As per National Policy on Education, 1986 some new institutes like DIETs, CTEs and IASEs were created to ensure effective links between pre-service and in-service teacher education programmes. Delineate how these institutions can achieve effective links in these programmes.
પૂર્વ સેવાકાલીન અને સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમો વચ્ચે અસરકારક જોડાણ સ્થાપવાની ખાતરી આપવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ: ૧૯૮૬ અન્વયે DIETs, CTEs અને IASEs ની રચના કરવામાં આવી છે. આ સંસ્થાઓ કેવી રીતે અસરકારક જોડાણ સિદ્ધ કરી શકે તે વર્ણવો.

5. Should Teacher Education curriculum be different from traditional system for open distance learning channel ? Justify with illustration.
મુક્ત દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં શિક્ષક પ્રશિક્ષણનો અભ્યાસક્રમ પરંપરાગત પ્રણાલીથી જુદો હોવો જોઈએ ? ઉદાહરણ સાથે સમર્થન કરો.

**Q. No. 3. ..................................**

**Q. No. 4. ..................................**

**Q. No. 5. ................................**

## SECTION III (વિભાગ III)

*Note* : Answer the following questions in **50** words each. Attempt all questions (Q. **6** to Q. **14**). (9 × 10 = 90)

નોંધ : નીચેના દરેક પ્રશ્નનો જવાબ ૫૦ શબ્દોમાં આપો. બધા જ પ્રશ્નોના જવાબ આપો. (પ્ર. ૬ થી પ્ર. ૧૪). (૯×૧૦=૯૦)

6. "Nothing can be taught but everything can be learnt." Explain.

''કંઈ પણ શીખવી શકાતું નથી, પરંતુ બધું જ શીખી શકાય છે.'' સ્પષ્ટ કરો.

7. "Education has helped in empowerment of girls in Gujarat." Do you agree ? Justify.

''ગુજરાતમાં શિક્ષણે છોકરીઓના સશક્તીકરણમાં મદદ કરી છે.'' શું તમે આ વિધાન સાથે સંમત થાઓ છો ? સમર્થન કરો.

8. "Educational technology as an area is an offshoot of a learning theory, basically." Name the learning theory along with its salient features.

''મૂલતઃ શૈક્ષણિક ટેકનોલોજી એ એક અધ્યયન ઉપપત્તિનો ફાંટો જ છે.'' આ અધ્યયન ઉપપત્તિનું નામ જણાવી તેનાં મુખ્ય લક્ષણો જણાવો.

9. "The psychophysical systems within the individual determine his/her unique personality." Do you agree ? Explain, how.

''વ્યક્તિની અંદર રહેલી મનો-શારીરિક પ્રણાલિઓ તેનું અનન્ય વ્યક્તિત્વ નિશ્ચિત કરે છે.'' શું તમે આ વિધાન સાથે સંમત છો ? શા માટે, તે સ્પષ્ટ કરો.

10. State one situation each, requiring guidance and counselling separately.

માર્ગદર્શન અને સલાહ જરૂરી હોય તેવી પરિસ્થિતિનું એક-એક ઉદાહરણ આપો.

11. Explain stratified random sampling.
સ્તરીકૃત યાદૃચ્છિક નમૂના પદ્ધતિ સ્પષ્ટ કરો.

12. What is internal and external validity of an experimental research ?
પ્રાયોગિક સંશોધનની આંતરિક અને બાહ્ય યથાર્થતા એટલે શું ?

13. What are the main difficulties in universalization of elementary education in India today ?

સમકાલીન ભારતમાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણમાં કઈ મુખ્ય મુશ્કેલીઓ નડે છે ?

14. What is curriculum evaluation ? State the criteria for curriculum evaluation.

અભ્યાસક્રમનું મૂલ્યાંકન એટલે શું ? અભ્યાસક્રમ મૂલ્યાંકનના માનદંડો જણાવો.

## SECTION IV (વિભાગ IV)

*Note* : Read the following paragraph and answer the questions (**15-19**) given below in **30** words each. Attempt *all* the questions. Marks : 5×5=25

નોંધ : નીચેનો પરિચ્છેદ વાંચી આપેલા પ્રશ્નો (૧૫–૧૯) ના ઉત્તર (પ્રત્યેક ૩૦ શબ્દોમાં) આપો. બધા જ પ્રશ્નોના જવાબ આપો. (માર્ક્સ : ૫×૫=૨૫)

Given that there are so many problems and difficulties associated with innovation it seems reasonable that teachers may ask why they should innovate. It has become almost a platitude to state that we live not only in a period of rapid social change but also in a period in which the rate of change is still increasing. As institutions established by society, schools are affected by changes in society, and, to some extent at least, what takes place in schools has an influence on certain aspects of society. If society is changing significantly, then it can reasonably be expected that schools, as institutions of society, should also change significantly. This is not to suggest, however, that schools should respond indiscriminately to pressures emanating from other elements of society. Any response should be deliberate and planned and based on an explicit well-thought-out rationale so that decisions made can be defended and justified.

The problem of teachers having different values from the rest of society is very difficult to cope with. Up to a certain point it might be considered desirable for teachers to display some idealism through what they are trying to achieve, but there are dangers in moving too far from reality. The discrepancy between teachers' views of school objectives and subjects and those of 15-year-old pupils and their parents was revealed in a government survey.

If the gap between the values and attitudes of teachers in school and those of the rest of society, particularly pupils, becomes too great, then schools are likely to be ineffective in carrying out their purposes. Pupils are likely to become apathetic, alienated and perhaps disruptive and in these circumstances desired learning will not take place. It is well known that there are schools that have large numbers of such pupils and while it would be unfair and untrue to suggest that this behaviour is the result of the schools' unwillingness to innovate, it might be considered prudent for all teachers to examine rigorously the curriculum, organisational arrangements, relationships, attitudes and values that operate in their schools.

નવીકરણ સાથે અનેક સમસ્યાઓ અને મુશ્કેલીઓ જોડાયેલી છે. આ વાત આપણે સ્વીકારી લઈએ તો 'અમારે નવીકરણ શા માટે કરવું જોઈએ ?' જેવો પ્રશ્ન શિક્ષકો પૂછે તો તેને વાજબી પણ ગણવો જોઈએ. આપણે ઝડપી સામાજિક પરિવર્તનના કાળમાં જીવીએ છીએ એટલું જ નહીં પણ એવા સમયગાળામાં જીવીએ છીએ કે જેમાં પરિવર્તનની ઝડપનો આંક પણ હજુ ઊંચે ચડતો જાય છે –આવું કહેવું તો હવે ઘણું જ સામાન્ય બની ગયું છે. સમાજ દ્વારા નિર્માણ પામતી કોઈપણ સંસ્થાની માફક સમાજમાં થતાં પરિવર્તનોની

અસર શાળાઓ પર થાય જ છે. અને અમુક અંશે શાળામાં જે કંઈ બને છે તેનો પ્રભાવ સમાજના કેટલાંક પાસાંઓ પર પણ પડે છે. જો સમાજ અર્થસૂચક રીતે પરિવર્તન પામી રહ્યો હોય તો આપણે વાજબી રીતે અપેક્ષા રાખી શકીએ કે એક સામાજિક સંસ્થા તરીકે શાળાઓએ પણ અર્થસૂચક રીતે પરિવર્તનો કરવાં પડશે. અહીં એવું સૂચન નથી કે સમાજના અન્ય ઘટકો દ્વારા ઊભા કરવામાં આવતાં દબાણોને શાળાએ અવિવેકી રીતે વશ થવું જોઈએ. કોઈપણ પ્રતિભાવ ઈરાદાપૂર્વકનો અને સુયોજિત હોવો જોઈએ; તે સુસ્પષ્ટ વિચારણા આધારિત તર્કના પાયા પર મંડાયેલો હોય તો જ નિર્ણયો લઈ શકાય અને નિર્ણયોનો બચાવ તથા સમર્થન કરી શકાય.

સમાજનાં મૂલ્યો કરતાં શિક્ષકોનાં મૂલ્યો જુદાં પડે છે –આ સમસ્યાને હલ કરવાનું કામ ઘણું કઠિન છે. શિક્ષકો જે હાંસલ કરવા માંગે છે તે થકી તેઓ તેમનો થોડો આદર્શવાદ પ્રગટ કરે તે અમુક હદ સુધી ઇચ્છિત ગણાવું જોઈએ. પરંતુ સાથેસાથે વાસ્તવિકતાથી વધુ પડતું દૂર જવામાં જોખમો પણ રહેલાં છે. શાળાના ઉદ્દેશો અને વિષયો શીખવવા પાછળ રહેલા હેતુઓ અંગે શિક્ષકોના, તેમજ ૧૫ વર્ષની ઉંમરના વિદ્યાર્થીઓ અને તેમનાં માબાપના દૃષ્ટિકોણ વચ્ચેની વિસંગતતા હમણાં થયેલા એક સરકારી સર્વેક્ષણમાં પ્રગટ થઈ હતી.

જ્યારે શાળાના શિક્ષકોનાં વલણો અને મૂલ્યો તેમજ આમસમાજનાં, ખાસ કરીને વિદ્યાર્થીઓનાં, વલણો અને મૂલ્યો વચ્ચેની ખાઈ ખૂબ જ પહોળી થઈ જાય ત્યારે શાળાઓ પોતાના હેતુઓ સિદ્ધ કરવામાં નિષ્ફળ જવા લાગે તે સંભવ છે. અને એ પણ સંભવિત છે કે વિદ્યાર્થીઓ સંવેદનહીન, વિઘાતક અને પરાયાપણું અનુભવતા બની જાય. આવા સંજોગોમાં અપેક્ષિત અધ્યયન નિષ્પન્ન થતું નથી. એ પણ સર્વવિદિત છે કે આપણે ત્યાં એવી શાળાઓ પણ છે કે જ્યાં આવા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં છે. એવું કહેવું પણ ખોટું અને અનુચિત છે કે વિદ્યાર્થીઓનાં આવાં વર્તનોનું મૂળ કારણ એ છે કે શાળાઓ નવીકરણો કરવા માટે તૈયાર નથી. આથી શાણપણભર્યું કાર્ય એ છે કે હવે બધા શિક્ષકોએ પોતાની સંસ્થાના અભ્યાસક્રમો, સંસ્થાકીય વ્યવસ્થાઓ, સંબંધો, વલણો અને મૂલ્યોને કઠોર રીતે તપાસવાં જોઈએ.

15. What is the author's view about teachers' values ?
શિક્ષકોનાં મૂલ્યો વિશે લેખકનો શું મત છે ?

16. **What is the reason to introduce innovations in today's schools ?**
આજની શાળાઓમાં નવીનીકરણ દાખલ કરવાનું કારણ શું છે ?

17. **From this passage, give three ideas to a school teacher to promote innovations.**
નવીનીકરણ દાખલ કરવા માટે આ ફકરાને આધારે શાળાના શિક્ષકોને ત્રણ વિચારો સૂચવો.

18. Should schools respond to every social demand ? Why ?
શું શાળાઓએ પ્રત્યેક સામાજિક માંગને પ્રતિસાદ આપવો જોઈએ ? શા માટે ?

19. Why is it necessary for teachers to examine the curriculum, relationships, values etc., existing in their schools ?
પોતાની શાળાના અભ્યાસક્રમ, સંબંધો, મૂલ્યો વગેરેનું પરીક્ષણ કરવું શિક્ષકો માટે શાથી આવશ્યક છે ?

ROUGH WORK

SEAL